**<u>રેગ્યુલર દિવાની મુકદમા નં.૧૧/૨૦૨૨ ના કામે આંક–૫ ની અરજી લગત હુકમ</u>**

**(૧)** હાલના કામના વાદી દ્વાર વિજ્ઞાપન તથા કાયમી તાકીદની દાદ મેળવવાનો દાવો દાખલ કરેલ છે. તેમજ આ દાવા સાથે તેઓએ હાલની આંક–૦૫ થી સી.પી.સી. ઓર્ડર ૩૯, રૂલ–૧ અને ૨ અને કલમ ૫૧ મુજબ વચગાળાના મનાઇનો મનાઇ હુકમ મળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

**(૧.૧)** હાલના દાવાની સાથે વાદીએ આંક–૫ થી વચગાળાનો મનાઇ હુકમ મેળવવા અરજી રજુ રાખેલ છે. જેની ટુંકમાં હકિકત એવી છે કે, વાદી વિસાવદર તાલુકાના પ્રેમપરા ગામે તેમના કુટુંબ તથા બાળ બચ્ચા સાથે રહે છે અને ખેતીનો ધંધો કરે છે. વાદીના પિતાનું નામ હરદાસભાઇ હરજીભાઇ હતું. વાદી વિસાવદર તાલુકાના પ્રેમપરા ગામના ગામ નમૂના નં.૨ ના અનુક્રમ નં.૫૦૧ થી જુનાગામ તળમાં ચો.વાર ૯૨–૪ ના ચો.મી. ૭૭–૨૯–૫૫ ની મિલકત ધરાવે છે. આ મિલકત ગામના નમૂના નં. ૨ માં જે તે સમયે વાદી સગીર હોવાથી તેમનું તથા તેમના પિતાનું નામ લખવામાં આવેલ હતું. હાલ તેઓ પુખ્ત ઉંમરના છે અને રેવન્યું રેકર્ડમાં કોઇ ફેરફાર કરવામાં આવેલ નન હોય તેથી વાદીને સગીર તરીકે દર્શાવેલા છે. પ્રતિવાદી નં.૧ થી ૩ પ્રેમપરા ગામે રહે છે. પ્રતિવાદી નં.૨ પ્રેમપરા ગામના ચુંટાયેલા સરપંચ છે. પ્રતિવાદી નં.૫ તાલુકા પંચાયતના તાલુકા વિસાક અધિકારીશ્રી છે અને પ્રતિવાદી નં.૫ નાએ પ્રતિવાદી નં.૪ ની કચેરીની કાર્યવાહી ઉપર દેખરેખ રાખવાની જવાબદારી છે. આમ, ગામના નમૂના નં.૨ ના અનુક્રમ નં.૫૦૧ થી જુનાગમ તળમાં ચો.વાર ૯૨–૪ ના ચો.મી.૭૭–૨૯–૫૫ ની મિલકત હાલ ખુલ્લી છે અને વાદી મિલકત અંગે મામલતદારશ્રી વિસાવદરનાએ તેમની કચેરીના હુકમ નં.૨૧૫૩/૮૭, તા.૨૮–૧૧–૮૭ થી આ જમીનના મૂળ માલિકો ભગા સોંડા તથા દુધીબેન ભીખાના નામનું દાખલા સર્ટીફીકેટ પણ કાઢી આપેલ છે. આ મિલકત તેઓએ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. વાદીની આ મિલકતમાં આ કામના

પ્રતિવાદી નં.૧ થી ૩ ના ગેરકાયદેસર રીતે તેમના રસ્તાના હકકો ડુબાવી અને રસ્તાની જગ્યા ઉપર ગેરકાયેદસર રીતે બાંધકામ કરતા હોય તેતી તેઓએ મામલતદારશ્રી વિસાવદર, તાલુકા વિકાસ અધિકારી તથા ગ્રામ પંચાયતને અરજ અહેવાલ કરેલ હતા તે સબંઘે પ્રતિવાદી નં.૪ ની કચેરી તરફથી ઠરાવ પણ કરવામાં આવેલ હતો અને આ સબંઘે પોલીસ સ્ટેશનમાં અરજી પણ કરેલ હતી. વાદીની મિલકતની પુર્વ બાજુએ ઈશાન ખુણે પ્રતિવાદી નં.૧ થી ૩ નું મકાન ઝુપડું આવેલ હતું અને તે ૧૨ ૧૮ ની જગ્યા આવેલ છે. તેના બદલે પ્રતિવાદી હાલના તેના મકાનનું બાંઘકામ કરતા હોય તે જગ્યાએ એટલે કે, પુર્વ બાજુએ તથા દક્ષિણ બાજુએ અને ઉતર બાજુએ આવેલ ખુલ્રી જગ્યામાં પેશકદમી તથા દબાણ કરી તેના મકાનનું ચણતર કામ ચાલુ કરવાની તજવીજ કરતા તેઓએ તા.૨૪–૧૧–૨૧ ના રોજ તલાટી કમ મંત્રીએ અરજી કરેલ હતી. ત્યારબાદ તેઓએ જિલ્રા નાયબ નિયામકશ્રી જૂનાગઢને પણ તા.૨૦–૧૨–૨૧ ના રોજ રજૂઆત કરેલ હતી. ત્યારબાદ તા.૧૩–૧૨–૨૧ ના રોજ વિસાવદર પોલીસમાં પણ ફરિયાદ અરજી રજૂ કરેલ હતી અને તા.૨૩–૧૨–૨ ના રોજ પ્રતિવાદી નં.૫ ને લેખિત અરજી કરેલ હતી જે તે સમયે તેઓએ રજૂઆત કરતા અને ગ્રામ પંચાયતે પ્રતિવાદીને બાંધકામ નહિ કરવા સમજાવતા પ્રતિવાદીએ માત્ર દાવાવાળી જગ્યાએ ઇંટોના ઢગલા તથા બેલા ગોઠવેલ હતા પરંતુ તા.૧૮–૦૨–૨૨ ના અરસામાં ગ્રામ પંચાયતની બોડી બદલતા આ કામના પ્રતિવાદીઓએ તેનો લાભ લઈ તાત્કાલીક અસરથી બાંધકામ ચાલુ કરેલ હતું. જેથી તેઓએ ફરીથી પ્રતિવાદી નં.૪ ની કચેરીમાં રજુઆત કરેલ હતી. એમ છતા પણ પ્રતિવાદી નં.૪ ના દ્વારા નોટિસ આપવા છતા પ્રતિવાદી નં. ૧ થી ૩ નાએ તેની ગેરકાયેદસર બાંધકામ કરવાની પ્રવૃતિ ચાલુ રાખી તાત્કાલીક અસરથી બાંધકામ ચાલુ કરેલ છે અને પ્રતિવાદી નં.૪ તથા ૫ ની ફરજ હોવા છતા તેઓને રજૂઆત કરવા છતા તેઓ આ બાંધકામ અટકાવતા નથી કે આ ગેરકાયદેસરનું બાંધકામ તોડી પાડતા નથી

અને તેની ફરજમાં બેદરકારી દાખવે છે. આમ, પ્રતિવાદીએ વાદીના મકાનની ઉત્તર બાજુ તથા પૂર્વ બાજુ તથા રસ્તા તરફ આવેલ ખુલ્લી જગ્યામાં પેશકદમી કરે કરાવે નહિ કે દબાણ કરે કરાવે નહી કે તેના મકાનનું ચણતર કામ કરે કરાવે નહિ તેવો આ દાવો ચાલતા સુધીનો મનાઇ હુકમ ફરમાવવા તથા દાવાવાળી મિલકતમાં આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેના એજન્ટ, સર્વન્ટ કોઇપણ પ્રકારે પુર્વ બાજુએ તથા દક્ષિણ બાજુએ અને ઉતર બાજુએ આવેલ ખુલ્લી જગ્યામાં પેશકદમી તથા દબાણ કરી તેના મકાનનું ચણતર કામ કરેલ હોય તો તે તમામ બાંધકામ ગેરકાયદેસરનું હોય તે પ્રતિવાદીઓ તેના ખર્ચે દુર કરી આપે તેવો પ્રતિવાદીઓ વિરુદ્ધ આજ્ઞાર્થ હુકમ ફરમાવવા તથા કાયદા અને હકીકતને દ્રષ્ટિએ મળી શકતિ વાદીના લાભની દાદ અપાવવા તથા આ અરજીનું ખર્ચ અપાવવા દાદ માંગેલ છે.

(૨) વાદીએ પોતાની અરજીના સમર્થનમાં આંક–૦૪ વાળા દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નિશાની ૪/૧ થી ૪/૧૧ સુધીના દસ્તાવેજો રજૂ રાખલે છે.

(૩) ત્યારબાદ આંક–૧૬ થી પ્રતિવાદી નં.૧, ૨, ૩ તરફે તેમનો દાવા જવાબ તથા વાદીની આંક–૦૫ વાળી મનાઇ અરજી સામે વાંધા રજૂ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ વાદીની આંક–૦૫ વાળી મનાઇ અરજીની તમામ વિગતોનો સ્પષ્ટપણે ઈન્કાર કરતા જણાવેલ છે કે, દાવા અરજીના પેરા–૧ વાળી જમીન દુધીબેન નાનજીભાઇના નામે હતી. તેના પુત્રો ભગા નાનજી તથા કનુ નાનજીના પત્નિ સમજુબેન વા.ઓ. કનુ હૈયાત છે તથા ભગા નાનજીના પત્ની ગંગાબેન ભાણા હતા તેના ચાર પુત્રો કાળુ ભાણા, મઘુ ભાણા, મનસુખ ભાણા અને કરશન ભાણા પ્રેમપરા રહે છે. તેના આ મિલકતમાં મકાન પડી જવાથી ગામમાં રહે છે. તેઓએ ક્યારેય કોઇ વેચામ કરેલ નથી. ૧૯૯૪ સુધી રહેતા હતા અને વેરો પણ ભરતા હતા. વાદીએ આ મકાન વેચાણ રાખવાનો રજી. દસ્તાવેજની નકલ રજૂ રાખેલ છે. આમ, પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ વાદીનો કોઇ રસ્તો

બંધ કરેલ નથી. તેમના મકાનનું ચણતર કામ પુરૂ થઇ ગયેલ છે હવે ઉપર માળણ કામ બાકી છે. પરંતુ તેઓ ત્યાં માથે પ્લાસ્ટીક ચડાવી હાલ રહે છે. આમ છતા તેમની જુની દીવાલની અંદરની બાજુએથી ચણેલ છે. તેથી કોઈ રસ્તાનું દબાણ કરેલ નથી. વાદીએ જે ખોટી અરજીઓ કરેલ તેની સામે તેઓએ પણ જવાબી અરજી કરેલ હતી. આમ, હાલના વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી. વાદીની સગવડતા જોખમાય તેમ નથી. તેમજ વાદીને કોઈપણ પ્રકારે નાણામાં વળતર ન વાળી શકાય તેમ નથી. જેથી વાદીએ હાલની આંક–પ વાળી અરજી નામંજુર કરવા આથી હુકમ કરવા વિનંતી કરેલ છે.

(૪) ત્યારબાદ આંક–૨૮ થી પ્રતિવાદી નં.પ તરપે તેમનો લેખિત જવાબ રજૂ રાખવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, દાવાવાળી જગ્યાનું બાંધકામ થતું હોવા અંગે તલાટી મંત્રી તથા જિલ્લા નાયબ નિયામક જૂનાગઢવાળાને તથા પોલીસ સ્ટેશન–વિસાવદરમાં અરજી કરેલ હોવાની તેઓને જાત માહિતી નથી. તેમજ પ્રતિવાદી નં.૧ થી ૩ નું મકાન ઝુપડુ આવેલ હોવાનું કે, ૧૨ x ૧૮ ની જગ્યા આવેલ હોવાની જાત માહિતી નથી. વાદીએ પ્રતિવાદી નં.પ ની કચેરીએ દબાણ અંગે અરજ કરતા પ્રતિવાદી નં.પ ની કચેરી તલાટી મંત્રી/સરપંચ ગ્રામ પંચાયત–પ્રેમપરાને પેશ કદમીમાં થતું બાંધકામ અટકાવવા તા.૧૧–૨–૨૨ ના રોજ પત્રથી જાણ કરેલ અને ગુજરાત પંચાત અધિનિયમની કલમ ૧૦પ હેઠળ કાર્યવાહી કરવાનું જણાવેલ અને પ્રતિવાદી નં.૨ અને પ્રતિવાદી નં.૪ ગ્રામ પંચાયત–પ્રેમપરાએ તા.૨૮–૦૧–૨૨ ની ગ્રામ પંચાયતની બેઠકના ઠરાવ નં.૯ ઠરાવ કરવામાં આવેલ અને તા.૧૯–૨–૨૨ ના રોજ પ્રતિવાદી નં.૨ પંચાયત ધારા અન્વયે દબાણ દુર કરવાની નોટિસ આપવામાં આવેલ અને પ્રતિવાદી નં.૪ ગ્રામ પંચાયત પ્રેમપરાની કચેરીએ પ્રતિવાદી નં.પ ની કચેરીને તા.૨૨–૦૨–૨૨ ના રોજ જાણ કરેલ. પરંતુ વાદીએ કચેરી સામે હાલનો ખોટો દાવો લાવી અને ખોટી રીતે મનાઇ હુકમની અરજી લાવેલ છે અને ખોટી રીતે પક્ષકાર જોડેલ છે. વાદીને

પ્રતિવાદી નં.પ ની કચેરી સામે હાલની અરજી લાવવા કોઇ કારણ રહેતું ન હોય જેથી વાદીના મનાઇ હુકમની અરજી ખર્ચ સહીત રદ કરી, પ્રતિવાદી નં.પ નાને સ્પે.કોસ્ટ અપાવવા વિનંતી કરેલ છે.

(૫) પ્રતિવાદી નં.૪ તરફે આંક–પ વાળી અરજીના કોઇ વાંધા જવાબ રજૂ થયેલ ન હોય, આંક–૩૪ વાળી અરજી હેઠળ હુકમ કરી તેઓની સામે હાલનો દાવો એકતરફી ચલાવવા હુકમ કરવામાં આવેલ છે.

(૬) વાદી દ્વારા આંક–૦૬ થી કોર્ટ કમિશ્નરશ્રીની નિમણૂક કરવા અરજી રજૂ થતા, જે અરજી અત્રેની અદાલેત મંજુર કરી કોર્ટ કમિશ્નનશ્રીની નિમણૂક કરેલ છે. જે કોર્ટ કમિશ્નનશ્રીએ સ્થળ ઉપર જઇ જગ્યાનું પંચ રોજકમ તથા નકશો તૈયાર કરેલ છે. જે પંચ રોજકામ તથા નકશો નિશાની ૩૧/૧ થી હાલના કામે રજૂ છે. ત્યારબાદ બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓએ મૌખિક દલીલો રજૂ કરેલ છે. જે દલીલો ધ્યાને લીધી.

(૭) વાદીએ રજૂ કરેલ દાવા અરજી તથા દસ્તાવેજી પુરાવા તથા પ્રતિવાદીઓએ રજૂ કરેલ વાંધા જવાબ તથા દસ્તાવેજી પુરાવાઓ તથા બંન્ને પક્ષોના વિ.વ.શ્રીની દલીલો ધ્યાને લેતા, હાલની અરજીના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય તેમ છે.

– **<u>મુ દ્દા ઓ</u>** –

(૧) શું વાદીઓ પુરવાર કરે છે કે, વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?

(૨) શું વાદીઓ પુરવાર કરે છે કે, સગવડતા–અગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે?

(૩) શું વાદીઓ પુરવાર કરે છે કે, વાદીઓને માગ્યા મુજબનો મનાઇ હુકમ આપવામાં ન આવે તો નાણાથી ભરપાઇ ન થઇ શકે તેવું નુકશાન થાય તેમ છે?

(૪) શું હુકમ ?

**(૮)** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) નકારમાં

(૩) નકારમાં

(૪) આખરી હુકમ મુજબ

– **કા ર ણો** –

**(૯) મુદ્દા નં. ૧ થી ૩–**

હાલના કામે ઉપરોક્ત મુદ્દાઓ પૈકી સૌપ્રથમ મુદ્દા નં.૧ પરત્વે નોંધવાનું કે, હાલના દાવો વાદી દ્વારા પોતાના પ્રેમપરા ગામે આવેલ રહેણાંક મિલકતની પુર્વ બાજુએ આવેલ ઈશાન ખુણે પ્રતિવાદીના મકાનમાં પ્રતિવાદીઓ બાંધકામ કરતા હોય અને આ બાંધકામથી દબાણ કરવામાં આવેલ પેશકદમીના લીધે વાદીને પોતાના મકાનમાં જવાનો રસ્તે દબાણ થાય તેમ હોય તેઓએ પ્રતિવાદીઓના આ કૃત્ય સામે મનાઈ હુકમની દાદ માંગવામાં આવેલ છે.

**(૧૦)** તેઓએ રજૂ રાખેલ પુરાવા વંચાણે લેતા, તેમાં નિશાની ૪/૧ થી ગામ નમુના નં.૨ રજૂ છે. જેમાં અનુક્રમ નં.૫૦૧ થી તેઓ જુના ગામ તળના ૯૨–૪ ચો.વાર. ક્ષેત્રફળની જમીન આવેલ હોવાનું અને આ જમીન ઉભડ હકકની જમીનનું મકાન કબજા હકકે થતા તે મુજબની જાત અને શરતોને આધીન હોવાનું જણાય આવે છે. આ જમીનનું દાખલ સર્ટીફીકેટ તેઓએ નિશાની ૪/૨ થી તેમજ તેએ પ્રતિવાદી નં.૪ તથા ૫ તેમજ વિસાવદર પોલીસ સ્ટેશનમાં કરેલ અરજીઓ તેમજ પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ બાંધકામના ફોટોગ્રાફ્સ રજૂ રાખેલ છે. જે તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. વધુમાં તેઓએ કોર્ટ કમિશ્રનશ્રી મારફત જે પંચ રોજકામ કરવામાં આવેલ છે તે પંચ

રોજકામ પણ વંચાણે લીધું. આ પંચ રોજકામમાં કોર્ટ કમિશ્નરશ્રીએ જણાવેલ છે કે, વાદગ્રસ્ત જગ્યા પુર્વથી પશ્ચિમમાં એક રસ્તો જાય છે. જે આશરે ૧૦ ફુટ જેટલો છે અને ગોબરભાઈ ઘુઘાભાઈ ભાભેરાના દિવાલના પાછળના ભાગે ઈટો તથા પથ્થરની આશરે ત્રણથી ચાર ફુટ જેટલી વંડી જેવું દેખાય છે અને ગોબરભાઈ ઘુઘાભાઈના મકાનની પશ્ચિમ બાજુ એક ખાલી પ્લોટ છે તે પ્લોટની અંદર એક ઉકરડો છે ત્યાં ધુળનો ઢગલા દેખાય છે. તેથી આગળ એક ખેતર આવેલ છે. ગોબરભાઈ ઘુઘાભાઈની પુર્વ બાજુ રસ્તો આવેલ છે. રસ્તાની પૂર્વ બાજુ વિનોદરાય હરદાસભાઈના મકાન આવેલ છે. જે રસ્તો આશરે ૧૩ ફુટ જેટલો દેખાય છે અને ગોબરભાઈ ઘુઘાભાઈના મકાનની ઉતર દિશા બાજુ આશરે ૩ ફુટ જેટલો રસ્તો દેખાય છે. જે બધા રજૂ નકશા સાથે સાંકળીને ધ્યાને લેતા, તેમાં પ્રતિવાદી ગોબરભાઈ ઘુઘાભાઈના મકાનથી પુર્વ બાજુ ૧૩ ફુંટનો રસ્તો હોવાનું અને ત્યારબાદ વિનોદરાય હરદાસભાઈનું મકાન આવેલ હોવાનું જણાય આવે છે. આમ, વિનોદરાય હરદાસભાઈના મકાન સુધી જવા માટે રસ્તો છે તે ગોબરભાઈ ઘુઘાભાઈના મકાનમાં આવેલ હોય તેવું હાલના તબકકે જણાતું નથી. વધુમાં પશ્ચિમથી પુર્વ તરફ જે રસ્તો આવેલ છે તે રસ્તો પણ ૧૦ ફુટનો ખુલ્લો હોવાનું જણાય આવે છે. તેમજ ગોબરભાઈ ઘુઘાભાઈના મકાનની ઉતરે જે રસ્તો આવેલ છે તે રસ્તો પણ ૩ ફુટનો ખુલ્લો હોવાનું જણાય આવે છે. આમ, વાદી દ્બારા જે રસ્તો ઉભો કરવા અંગેની રજુઆત છે તે રજૂઆત હાલના તબકકે રજૂ પુરાવા ઉપરથી પ્રાથમિક રીતે સાબિત થતી નથી. આમ, હાલનો દાવો ચાલતા સમયે વાદી વધુ પુરાવાથી પોતાની વિગતો સાબિત કરી શકે તેમ છે અને હાલના તબકકે વાદીનો પ્રથમ દર્શનીય કેસ ઉપસ્થિત થતો નથી.

**(૧૧)** હાલના કામે વાદીએ દાવા અરજીમાં જે દાદ માંગેલ છે તે ધ્યાને લેતા, વાદીએ તેમની દાવા અરજીમાં માંગેલ દાદ પૈકી દાદ નંબર ૨ તથા ૩ ધ્યાને લેતા તેમાં કાયમી તાકીદ આપવાની દાદ માંગેલ છે તેમજ દાદ નં.૩ માં પ્રતિવાદીએ દબાણ કરી

મકાનનું ચણતર કામ કરેલ હોય તો તે તમામ ગેરકાયદેસરનું હોય તે પ્રતિવાદીઓના ખર્ચે દુર કરી આપવાની દાદ માંગેલ છે. આમ, આંક–૦૫ થી બંન્ને દાદ સાથે સાંકળીને જોતા આંક–૦૫ ના તબકકે પણ તેઓએ આ બંન્ને દાદ એકસરખી માંગેલ હોવાનું જણાય આવે છે. વધુમાં આંક–૦૫ ના તબકકે તેઓએ પ્રતિવાદી દ્ધારા કરવામાં આવેલ બાંધકામ દુર કરવા અંગે આજ્ઞાર્થ દાદ માંગેલ છે. જે પણ આંક–૦૫ ના તબકકે આપી શકાય તેવી દાદ નથી. આમ, આ રીતે પણ વાદીનો પ્રથમ દર્શનીય કેસ હોવાનું સાબિત થતું નથી. જેથી હાલની અરજીના ન્યાય નિર્ણય અર્થે ઉપસ્થિત થયેલ મુદ્ધા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૧૨) મુદ્ધા નં.૨ પરત્વે નોંધવાનું કે, જ્યારે વાદીના ઘર તરફ જતા રસ્તો ખુલ્લો હવાનું જણાય આવતું હોય અને વાદીને પોતાના ઘર તરફ અવર–જવર કરવા કોઈપણ પ્રકારની અવગડ પડતી હોય તેવું રેકર્ડ ઉપરથી જણાય આવતું ન હોય ત્યારે વાદી સગવડતાની સમતુલ્લા જોખમાય છે તેવું કોઈપણ રીતે રેકર્ડ ઉપર આવતું નથી. આમ, મુદ્ધા નં.૨ નો જવાબ પણ નકારમાં આપવામાં આવે છે.

(૧૩) મુદ્ધા નં.૩ પરત્વે નોંધવાનું કે, હાલના તબકકે વાદી દ્ધારા કોઈ રસ્તો બંધ કરેલવામાં આવેલ હોય અને તે રસ્તા ઉપર કોઈપણ પ્રકારનું બાંધકામ કરવામાં આવેલ હોય અને ભવિષ્યમાં જો નામદા કોર્ટ આ બાંધકામ દુર કરવા હુકમ ફરમાવે તેવા સંજોગોમાં નાણામાં વળતર ન કરી શકાય તેવું નુકશાન વાદીને નહિ પરંતુ પ્રતિવાદીને જવાની સંભાવના છે. આમ, વાદી ભવિષ્યમાં પણ નાણામા વળતરવાળી શકવાની સંભાવના ન હોવાનું આ તબકકે જણાય આવતું નથી. જેથી મુદ્ધા નં.૩ નો જવાબ નકારમાં આપી, મુદ્ધા નં.૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયોચીત જણાય આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

(૧) આથી વાદીની આંક–૫ વાળી વચગાળાનો મનાઇ હુકમ મળવાની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) હાલની અરજીનો ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

હુકમ આજ તા.૩૦ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

વિસાવદર.
તા.૩૦/૦૪/૨૦૨૫.

(સૌમિત્ર સુબોધભાઇ ત્રિવેદી)
મુખ્ય સિવિલ જજ, વિસાવદર.
જીજે૦૧૪૨૫.